PRGI No. 6489

શ્રી ઝાલાવાડી સ્થાનકવાસી જૈન સભા
માસિક પત્રિકા

Issue : 8, Year: 71, November 2026, Pages: 52, Price Rs. 7.00



આપણું ઝાલાવાડ.....સમૃદ્ધ ઝાલાવાડ

।। શ્રી પરમાત્માય નમઃ ।।

શેઠ શ્રી નગીનચંદ કપુરચંદ ઝવેરી ના પ્રયાસથી

જીવદયા ફંડ

શ્રી નગીનચંદ કપુરચંદ ઝવેરી

સુભાષ ચોક, ગોપીપુરા, સુરત - ૧

મો.: ૯૮૨૦૦ ૭૮૭૭૨ / ૦૯૮૨૫૪ ૧૪૪૭૦

સ્થાપના વિ. સં. ૧૯૬૨

ઇ. સ. ૧૯૦૬ રજી નં. - ૧૭૪૪

Tust 80G Available PAN : AAATS8024L



પૈસા મોકલવાનું સ્થળ

પ્રફુલ અમીચંદ ઝવેરી

૨૬૩, ખટાઉવાડી, ગોરેગાંવકર લેન,
સેન્ટ્રલ સિનેમાની પાછળ,
મુંબઈ - ૪૦૦ ૦૦૪.
ઓફીસ ફોન : ૨૩૮૭ ૮૪૭૬
મોબાઈલ : ૯૮૨૦૦ ૭૮૭૭૨

૦૧ એપ્રિલ ૨૦૨૫ થી ૩૧ માર્ચ ૨૦૨૬ (૧૨ - મહિના) માં કરેલ કાર્યની યાદી

મોટા જીવો / નાના જીવો
તથા
બકરીને અભયદાન - ૨૫૪૯

ઘાસચારો - ૮૩૮૪૦ કિલો
ગોળ - ૩૬૯૦ કિલો

Bank Name	:	AXIS BANK LTD.
A/c. Name	:	JIVDAYA FUND
A/c. No.	:	921010033621820
IFSC	:	UTIB0002274
Branch	:	Charni Rd, Mumbai

Bank Name	:	BANK OF INDIA
A/c. Name	:	JIVDAYA FUND
A/c. No.	:	000120100001219
IFSC	:	BKID0000001
Branch	:	(Mumbai Main Br.)

SCAN QR CODE FOR PAY

દાન એજ સફળ જીવન

લી. ટ્રસ્ટીગણ

પ્રફુલ અમીચંદ ઝવેરી
પુષ્પસેનભાઈ પાનાચંદ ઝવેરી
વિરેન્દ્રભાઈ નેમચંદ ઝવેરી
જતીનભાઈ ફકીરચંદ
શરદભાઈ ગુલાબચંદ કાંટાવાળા
ઉષાકાંત સાકેરચંદ ઝવેરી
નિરજ સુરેન્દ્રભાઈ ઝવેરી

Advt.

પ્રમુખશ્રીની કલમેથી...



આ પત્રિકા જ્યારે તમને મળશે ત્યારે દિવાળીના પર્વની ઉજવણી ના દિવસો ની શરૂઆત થઈ ગઈ હશે.

ઝાલાવાડી સભા માત્ર એક સંસ્થા નથી, પરંતુ આપણા સૌની એકતા, સંસ્કાર, સહકાર અને સમાજ પ્રત્યેની જવાબદારીનું જીવંત પ્રતીક છે. આપણા વડીલોના આશીર્વાદ, સભ્યોનો વિશ્વાસ અને યુવા પેઢીનો ઉત્સાહ એ જ આપણી સાચી મૂડી છે. આ શક્તિના સહારે આપણે સમાજને જોડતા, નવી પેઢીને પ્રોત્સાહિત કરતા અને સૌના જીવનમાં આનંદ તથા ઉપયોગીતા ઉમેરતા અનેક સુંદર કાર્યો કરી રહ્યા છીએ.

મારો હંમેશાં પ્રયત્ન રહ્યો છે કે ઝાલાવાડી સભામાં શું ચાલી રહ્યું છે, કઈ નવી પહેલ થઈ રહી છે અને ભવિષ્ય માટે આપણે કેવાં સ્વપ્નો જોઈ રહ્યા છીએ તેની માહિતી આપ સૌ સુધી નિયમિત રીતે પહોંચતી રહે. કારણ કે સભાની પ્રગતિ માત્ર હોદ્દેદારોની સિદ્ધિ નથી, પરંતુ દરેક સભ્યના સહકાર, વિશ્વાસ અને સહભાગિતાનું પરિણામ છે.

સર્વપ્રથમ, આપ સૌની આયંબિલ ની ઓળી ખૂબ જ સરસ રીતે પૂર્ણ થઈ હશે એવી શુભેચ્છા. આ તપસ્યા કરનાર તમામ તપસ્વીઓની હું અંત:કરણપૂર્વક અનુમોદના કરું છું. સાથે જ, આપ સૌએ, પરિવારજનો અને મિત્રો સાથે નવરાત્રિનો ઉત્સવ પણ ખૂબ જ આનંદ અને ઉત્સાહથી ઉજવ્યો હશે.

નાલાસોપારા ઉપાશ્રય

આ વર્ષે લગભગ ૨૭ વર્ષ પછી પ્રથમ વખત નાલાસોપારા ઉપાશ્રયમાં સંઘ જમણનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે અંદાજે ૪૭૫ શ્રાવક-શ્રાવિકાઓએ ભાગ લીધો હતો. ત્યારબાદ ૧૮ પાપસ્થાનકનાં પાપોની આલોચના નો કાર્યક્રમ પણ ખૂબ જ સરસ રીતે યોજાયો હતો અને ત્યાર પછી આયંબિલ ની ઓળી માં ઘણા લોકો જોડાયા હતા અને ખુબજ સરસ રીતે આયોજન કરવામાં આવ્યું હતુ. ઘણા સમય પછી નાલાસોપારા ઉપાશ્રયમાં આટલા સુંદર રીતે કાર્યક્રમો યોજાઈ રહ્યા છે તે આનંદની વાત છે. સભાના સહમંત્રી શ્રી નરેન્દ્રભાઈ ગાંધી અને કારોબારી સભ્ય શ્રી હીતેશભાઈ શાહ તથા કાર્યકર્તાઓ અને ઝાલાવાડી સભા ના મંત્રીઓ અને કમિટી મેમ્બરો ની મહેનત રંગ લાવી.

ઘાટકોપર મંડળ

૪ ઓક્ટોબરનો ઘાટકોપર મિત્ર મંડળના કાર્યક્રમમાં જવાનો અવસર મળ્યો. મિત્ર મંડળ ના પ્રમુખ, હોદ્દેદારોને અને કાર્યકર્તાઓ ને મળ્યો. અંદાજે ૬૦૦ થી ૭૦૦ મંડળના સભ્યો કાર્યક્રમમાં ઉપસ્થિત રહ્યા હતા. તેમની વિવિધ પ્રવૃત્તિઓ, સુંદર આયોજન અને ઉત્સાહ ખરેખર પ્રશંસનીય હતા. મને ખૂબ જ આનંદ થાય છે કે ઘાટકોપર મંડળ હંમેશાં ઝાલાવાડી સભાની સાથે ઊભું રહ્યું છે અને સભાને સતત સહકાર આપતું આવ્યું છે. તેમના આ સહયોગ અને લાગણી બદલ હું તેમનો હૃદયપૂર્વક આભાર માનું છું.

અમદાવાદ વિશા શ્રીમાળી સ્થાનકવાસી સભ્યો માટે

અમદાવાદમાં વસતા વિશા શ્રીમાળી સ્થાનકવાસી સભ્યો માટે આપણા સેનેટોરિયમના ઉપયોગ અંગે નવી પહેલ કરી. અમદાવાદની મુલાકાત દરમિયાન ઉપરોક્ત સંસ્થાના પ્રમુખ અને મારા સારા મિત્ર શ્રી અપૂર્વભાઈ સંઘવી સાથે મુલાકાત થઈ. તેઓ સંસ્થાની પ્રવૃત્તિઓમાં સક્રિય રીતે જોડાયેલા છે. આ મુલાકાત દરમ્યાન મેં તેમને સૂચન કર્યું કે તેમની સભાના સભ્યો પણ આપણા સેનેટોરિયમની સુવિધાઓનો લાભ લઈ શકે, તે માટે વ્યવસ્થા કરી શકાય. જો તેમની સભા અને કમિટી મેમ્બરો સંમત થાય, તો મહેમાન તરીકે તેઓ આપણા સેનેટોરિયમમાં રહીને ઉપલબ્ધ સુવિધાઓનો લાભ લઈ શકશે. આ માટે તેઓએ નક્કી કરેલા મહેમાન ચાર્જ ચૂકવવાના રહેશે. આ અંગે આગળની વ્યવસ્થા કરવાનું નક્કી થયું છે અને અપૂર્વભાઈએ તથા તેમની કમિટી દ્વારા પણ આ સૂચનને સકારાત્મક પ્રતિસાદ મળ્યો છે. આ પહેલથી આપણી સુવિધાઓનો લાભ વધુ જૈન ભાઈ-બહેનો સુધી પહોંચાડી શકાશે.

૨૫ લેપટોપનું વિતરણ – વિદ્યાર્થીઓ અને બહેનો માટે ઉપયોગી ભેટ

આપણા 'પરિવાર સેતુ' કાર્યક્રમમાં ઉપસ્થિત રહેલા મહેમાન શ્રી ચિંતનભાઈ કે. શાહ ઝાલાવાડી સભાની પ્રવૃત્તિઓથી ખૂબ પ્રભાવિત થયા હતા. તે દિવસે મેં મારા વક્તવ્યમાં સભાની વિવિધ પ્રવૃત્તિઓ અને સમાજ માટે કરવામાં આવતા કાર્યોની માહિતી આપી હતી. તેનાથી પ્રેરાઈ ને તેમણે સભા મારફતે વિદ્યાર્થીઓ અને કામકાજ કરતી બહેનોને આપવા માટે ૨૫ લેપટોપ ભેટ આપ્યાં, જેથી આર્થિક રીતે લેપટોપ ખરીદવું મુશ્કેલ હોય તેવા જરૂરિયાતમંદોને મદદ મળી શકે. આપણાં પારિતોષિક સમારંભમાં જ્યારે લેપટોપનું વિતરણ કરવામાં આવ્યું અને લેપટોપ મેળવતાં વિદ્યાર્થીઓ તથા બહેનોના ચહેરા પર ખુશી જોઈ, ત્યારે મને ખૂબ જ આનંદ અને સંતોષ થયો. શ્રી ચિંતનભાઈ કે. શાહની આ ઉદાર ભેટ બદલ હું તેમનો હૃદયપૂર્વક આભાર માનું છું. સમાજના વિકાસમાં આવો સહયોગ ખરેખર પ્રેરણાદાયી છે.

ઝાલાવાડી સભા પ્રીમિયર લીગ – સીઝન ૩

આવતા જાન્યુઆરી મહિનાની ૧૦મી તારીખે આપણે ફરી એકવાર ઝાલાવાડી સભા પ્રીમિયર લીગ **(ZSPL)** - સીઝન ૩નું આયોજન કરી રહ્યા છીએ.

આજની યુવા પેઢી માટે રમતગમત ખૂબ જ જરૂરી છે. ક્રિકેટ માત્ર રમત જ નથી, પરંતુ નવી અને જૂની પેઢીને એકસાથે જોડવાનું, આનંદ માણ..

દીકરીઓ માટે લાઇફ મેમ્બરશિપ યોજના (DM)

પર્યુષણ પર્વ દરમિયાન મહાવીર જયંતિના પવિત્ર દિવસે આપણે દીકરીઓ માટે મેમ્બરશિપની નવી યોજના શરૂ કરી છે આ યોજનાને સફળ બનાવવા માટે શ્રીમતી મનીષાબેન શાહે ખૂબ જ કાળજીપૂર્વક અને સમર્પણભાવથી કાર્ય કર્યું છે. આ યોજનાને ઝાલાવાડી સભાના સભ્યો તરફથી સારો પ્રતિસાદ અને સહકાર મળી રહ્યો છે. દીકરીઓને સભા સાથે જોડવાની આ પહેલ ભવિષ્યમાં સમાજના સંબંધોને વધુ મજબૂત બનાવશે એવી આશા છે.

પંચગની સનિટોરિયમમાં નવી ક્રિકેટ ટર્ફ

આ મહિને પંચગની સનિટોરિયમમાં નવી ક્રિકેટ ટર્ફનું વર્ચ્યુઅલ ઉદ્ઘાટન કરવામાં આવ્યું છે. ઝાલાવાડી સભા માટે આ એક નવી અને આનંદદાયક પહેલ છે. હવે પંચગની સેનેટોરિયમમાં રહેવા જનાર સભ્યો પોતાના પરિવારજનો અને મિત્રો સાથે ક્રિકેટ જેવી રમતનો આનંદ પણ માણી શકશે. આ સુવિધાથી સેનેટોરિયમમાં રહેવાનો અનુભવ વધુ આનંદદાયક બનશે અને પરિવાર સાથે ગુણવત્તાયુક્ત સમય પસાર કરવાની નવી તક મળશે.

કર્કરોગ (Cancer) નિદાન શિબિર

શ્રી ઝાલાવાડી સ્થાનકવાસી જૈન સભા, શ્રી માનવ સેવા સંઘ તથા કસ્તુરી ફાઉન્ડેશન દ્વારા આયોજીત કર્ક રોગ (cancer) નિદાન શિબિરનું આયોજન ૨૦-૧૨-૨૬ ના રોજ આયોજીત કરવામાં આવ્યું છે. ફક્ત રૂા. ૧૦૦/- થી રજીસ્ટ્રેશન કરાવવું. (Refundable) શિબિરના દિવસે હાજર રહેવું જરૂરી છે. વધુ વિગતો પાના નં. ૨૨/૨૩ પર ઉપલબ્ધ છે.

પ્રિય સમાજબંધુઓ, ઉપર જણાવેલી દરેક પ્રવૃત્તિ અને દરેક નવો પ્રકલ્પ એ વાતનો પુરાવો છે કે જ્યારે સમાજ એક વિચાર, એક ધ્યેય અને એક ભાવનાથી જોડાય છે, ત્યારે અનેક સારાં કાર્યો સાકાર થઈ શકે છે.

આપણી સભા સમાજના દરેક વર્ગ માટે ઉપયોગી બને, યુવાનોને નવી તકો મળે, બહેનોને પ્રોત્સાહન મળે અને સભ્યોને વધુ સારી સુવિધાઓ પ્રાપ્ત થાય તે માટે આપણે સતત પ્રયત્નશીલ છીએ.

પરંતુ આપણી સફર અહીં પૂરી થતી નથી. હજી ઘણાં સપનાં સાકાર કરવાનાં છે, નવી પ્રવૃત્તિઓ શરૂ કરવાની છે અને વધુ ને વધુ સભ્યોને આપણી સાથે જોડવાના છે. આ માટે આપ સૌના સૂચનો, સક્રિય ભાગીદારી અને સતત સહકારની અમને જરૂર છે. આપના સહયોગથી જ આપણે નવા પ્રકલ્પો સફળતાપૂર્વક આગળ વધારી શકીએ છીએ.

સભાના પરિવારને
નુતન વર્ષાભિનંદન

પંકજ સંઘવી
ટ્રસ્ટી અને પ્રમુખ
શ્રી ઝાલાવાડી સ્થાનકવાસી જૈન સભા - મુંબઈ



શ્રી ઝાલાવાડી સ્થા. જૈન સભા–મુંબઈ
સ્થાપના : ઈ. સ. ૧૯૦૩

માસિક પત્રિકા

નવેમ્બર ૨૦૨૬
વર્ષ : ૭૧ : : અંક : ૮
: તંત્રી :
શ્રી શરદભાઈ મનમોહનદાસ ગાંધી
માલિક :
શ્રી ઝાલાવાડી સ્થા. જૈન સભા–મુંબઈ
: મુદ્રક અને પ્રકાશક :
શ્રી પ્રવિણભાઈ ગંભીરચંદ શાહ
: પ્રકાશન સ્થાન :
૩૦૧, બે વ્યુ (ઈસ્ટ), ત્રીજે માળે,
૪૭, ડૉ. એમ. બી. વેલકર સ્ટ્રીટ,
(કોલભાટ લેન) ચીરાબજાર,
મુંબઈ–૪૦૦ ૦૦૨.
મો. : ૭૨૦૮૪૭૨૮૮૪
Email : zalawadisabha@gmail.com
મુદ્રણસ્થાન : ભાવિન એસ. ગાંધી
રાજેશ પ્રિન્ટરી,
૧૧૫, પ્રગતિ ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ,
૩૧૬, એન. એમ. જોશી માર્ગ,
ડિલાઈલ રોડ, લોઅર પરેલ (ઈસ્ટ)
મુંબઈ–૪૦૦૦૧૧. ફોન : ૯૮૬૭૫૪૦૫૨૪
: ફક્ત પત્રિકાનું લવાજમ :
ત્રણવર્ષના રૂપિયા ૧૦૦૦/–+18%GST
ત્રણ વર્ષના કુલ રૂપિયા ૧૧૮૦/–
છૂટક નકલ રૂા. ૭/–

શ્રી ઝાલાવાડી સ્થા. જૈન સભા
ઑફિસના કામકાજનો સમય
સવારના ૧૧–૦૦ થી સાંજના ૭–૦૦

શ્રી ઝાલાવાડી સ્થા. જૈન સભા, માસિક પત્રિકામાં પ્રગટ થતાં લેખો કે વિચાર લેખકના અંગત વિચાર છે, તથા જાહેરખબરમાં જણાવેલી માહિતીની સત્યતા બાબતે તેની સાથે સંસ્થાના હોદ્દેદારો / તંત્રી સહમત છે એમ માની લેવું નહી. તેની ખાસ નોંધ લેવી. કાનૂની કાર્યવાહીનું અધિકાર ક્ષેત્ર મુંબઈ રહેશે.



સભાના માનવંતા સભ્યો,
આદરણીય શુભેચ્છકો,
લેખકો, જાહેરખબર
આપનારા – વ્યાવસાયિકોનો
આ મંગલમય દિવાળી પર્વ નિમિત્તે
બેસતા વર્ષના નવલા પ્રભાતે
આપ સર્વોને

Happy New Year

સાલ મુબારક

શ્રી ઝાલાવાડી સ્થા. જૈન સભા – મુંબઈ
ઝાલાવાડી સભા ચેરીટેબલ ફાઉન્ડેશન

પ્રવિણભાઈ ગંભીરચંદ શાહ
ટ્રસ્ટી - ચેરમેન
સમગ્ર ટ્રસ્ટીગણ - હોદ્દેદારો - તંત્રી
તથા કારોબારી સભ્યો

પુત્ર પ્રેમ

હંમેશા મુજબ સાંજે ૬.૦૦ વાગ્યે ઓફીસથી નીકળી ઘરે પાછા જવા ૬.૩૦ની ભાયંદર ફાસ્ટ પકડી ઘરે જવા નીકળ્યો. રસ્તા માં મારા મિત્ર પ્રથમનો ફોન આવ્યો કે ફાઉન્ટન પાસે ઊભો રહેજે મને થોડું કામ છે. હું ત્યાં તેની રાહ જોઈ બાજુમાં બનેલા પાર્કીંગની રેલીંગ પર બેઠો હતો.

એક ૭૦-૭૫ વર્ષના વૃદ્ધ જેને જાડા ચશ્મા પહેરેલા હતા અને મેલાં-ઘેલા કપડાં પહેર્યા હતાં તે મારા પાસે આવી મારા પગ પકડીને બોલ્યા: ''સાહેબ બહુ ભુખ લાગી છે એક વડાપાવ ખવડાવશો?'' તે કોઈ ભિખારી હોય તેવું લાગતું ન હતું કે તેને ભિક્ષા માંગવાની આદત હોય તેમ પણ લાગતું ન હતું. અચાનક પગ પકડવાથી હું હડબડીને નીચે ઉતરી ગયો. આ વ્યક્તિ ને જોઈ મને સંકોચ થયો. મેં કહ્યું ''કાકા ભુખ લાગી છે?'' ને પછી ખીસામાં હાથ નાખી ૫૦ની નોટ કાઢી તેમના હાથમાં મુકી તો તેઓએ તરતજ પાછી આપી કહે: ''નહી ભાઈ આટલા બધા નહીં મને ફક્ત વડાપાઉ જેટલાં જ પૈસા આપો''. હું જઈને બે વડાપાઉં લઈ આવ્યો. કાકા ત્યાં જ નીચે બેસીને ખાવા લાગ્યા.

મેં પૂછ્યું, ''કાકા ક્યાંથી આવો છો? કયાં જવું છે? કોઈ ને શોધવા નીકળ્યા છો કે શું?'' તેમણે જવાબ આપ્યો: ''હું પુના પાસેના એક ગામથી આવું છું. તારા જેવડો મારો પુત્ર અહીં કોઈ મોટી કંપનીમાં એન્જિનીયર છે. બે વર્ષ પહેલાં તેને મુંબઈમાં લવમેરેજ કરેલાં. તેની ભણેલી પત્નીને અમારા ગામડીયા સાથે રહેવું ગમતું નથી એટલે છોકરો અહીં તેની સાથે છેલ્લા બે વરસથી અલગથી રહે છે. પરમ દિવસે તેનો અમારા પર ફોન આવ્યો હતો કે અમેરિકામાં નોકરી મળી છે. પત્નીને લઈને ૧૦ વર્ષ માટે અમેરીકા જાય છે. મુંબઈથી તો વરસે દિવસે એકાદવાર મળવા આવી જતો હતો પણ હવે આટલું દૂર પરદેશ જતાં પહેલાં એકવાર તો મળીને જો'' કહ્યું તો કહે ''જલ્દી જાવું છે એટલે સમય નથી.'' મને થયું ૧૦ વર્ષ હવે જીવન હશે કે નહીં કોને ખબર? એટલે હું જ મળી આવું. પાડોશી પાસે ઉછીના પૈસા લઈને ટિકિટની વ્યવસ્થા કરી. હવે મારી પાસે પૈસા નથી. બે દિવસથી મુંબઈમાં ફરું છું. પણ લોકો કહે છે કે અહીં ફાઉન્ટનમાં એરપોર્ટ નથી એ તો અંધેરીમાં છે. પરતુ મારા પુત્રએ તો મને આ જ સરનામું લખાવ્યું હતું.''... કહીને તેણે ખીસ્સા માંથી એક ચબરખી કાઢી બોલ્યા, ''આ મોબાઈલ પણ ખરાબ થઈ ગયો લાગે છે. બે દિવસથી મારા દિકરાનો એક પણ ફોન નથી આવ્યો.''

મેં પૂછ્યું : ''તમે કેમ ફોન કરીને પૂછી નથી લેતાં?''

તો કહે, ''મને ફોન કરતા નથી આવડતું.''

મેં તેમનો ફોન લઈ રિસીવ્ડ કોલનું લીસ્ટ કાઢીને બે દિવસ પહેલાં આવેલા એકમાત્ર નંબર પર ફોન કર્યો તો સામેથી ફોન કટ કરવામાં આવ્યો. મેં વારંવાર પ્રયત્ન કર્યો પણ રિજલ્ટ તે જ આવ્યું.

છેવટે મેં તેમની પસોથી ચબરખી લઈ સરનામું વાચ્યું. આંતર રાષ્ટ્રીય હવાઈ મથક-ફાઉન્ટન, ફોર્ટ, મુંબઈ. મને સમજાઈ ગયું હતું કે માં-બાપ ને ટાળવા માટે જ તેણે ખોટું સરનામું લખાવ્યું હતું અને હવે ફોન ઉપાડવાનું પણ ટાળતો હતો.

મને સમજાઈ ગયું હતું કે જે દિશામાં તેનું વિમાન ગયું હતું તેના પાછા ફરવાની શક્યતા ઘણી ઓછી હતી. અથવા તો એનો પુત્ર અહીં મુંબઈમાં જ રહે છે પણ પિતાને મળવા, સાચવવા નથી માંગતો. મને સમજાઈ ગયું હતું કે પુત્ર તરફથી થઈ રહેલી ઊપેક્ષા તેને સમજાતી નહોતી અથવા તો જે સમજાય રહ્યું હતું કે તેનો પોતાનો પુત્ર તેને અવગણી રહ્યો છે તે સ્વીકારવા તેમનું મન તૈયાર નહોતું.

મેં કહ્યું, ''કાકા હવે તો વિમાન નીકળી ગયું હશે તમે પાછા ગામડે તમારા ઘરે જાવ...કાકી તમારી રાહ જોતાં હશે.'' તેમના હાથમાં રહેલી જુની થેલી પર તેણે હાથ ફેરવ્યો મેં જોયું, ડબ્બા જેવું લાગ્યું મેં પૂછ્યું, ''કાકા આમાં શું છે.''

તેઓ બોલ્યા આતો મારા દિકરાને મોહનથાળ બહુ ભાવે એટલે તેની માં એ બનાવી ને મોકલ્યો હતો.''..!!

મારા દિલ માં એકદમ ધ્રાસ્કો પડ્યો..!!

મને પારાવાર વેદના થઈ. મને થયું કે તેમના નાલાયક દિકરાની હકીકત તેમને સમજાવું પણ મારી હિંમત ખલાસ થઈ ગઈ હતી. મારા કાળજાના કટકા થઈ રહ્યા હતા. હું નિ:શબ્દ બની તેમની સામે જોઈ રહ્યો હતો...! મેં કહ્યું: ''કાકા હવે પુના જાવ મોડું થઈ જાશે વિમાન તો હવે જતું રહ્યું.'' રડતી આંખે તેઓ ત્યાંથી વિદાય થયાં. ભારે પગલે હું ત્યાંથી ચાલતો થયો. થોડે આગળ ગયા પછી મને સમજાયું કે તેઓની પાસે તો પુના બસ કે ટ્રેનમાં જવા માટે પણ પૈસા નથી.

હું ઝડપથી પાછો ગયો અને મનાવીને મારા ઘરે લઈ આવ્યો કહ્યું કે એક દિવસ રોકાઈને આવતી કાલે તમે પુના જજો. ટિકિટની વ્યવસ્થા હું કરી આપીશ.

તે દિવસે મોડી રાત સુધી મને ઊંઘ ના આવી. બાજુના રૂમમાં કાકાની પણ આ જ હાલત હતી... રહી રહી ને મને એક જ વિચાર આવતો હતો કે ભુખના માર્યા એક વડાપાવ માટે કાકલૂદી કરતાં એ વૃધ્ધ શું પુત્ર માટે લાવેલા પોતાની પાસેના ડબ્બામાંથી એક મોહનથાળ નું બટકું નોતા ખાઈ શકતા!!? પણ એ મોહનથાળ તો માતા એ એના દિકરા માટે બનાવ્યો હતો ને... બાપ તે થોડો ખાઈ શકે?

આટલો બધો પુત્ર પ્રેમ...!!!

બીજા દિવસે હું તેને પુનાની ટ્રેનમાં મુકી આવ્યો... ઘરે આવ્યો તો પત્ની એ કહ્યું કે કાકા મોહનથાળ નો ડબ્બો ભુલી ગયા છે... મેં કહ્યું એ ભુલી નથી ગયા પણ આપણા બન્ને માટે ઈરાદાપૂર્વક રાખીને ગયા છે.

❖❖❖

શ્રી ઝાલાવાડી સ્થાનકવાસી જૈન સભા –મુંબઈ ● ઝાલાવાડી સભા ચેરિટેબલ ફાઉન્ડેશન

સંચાલિત

પ્રેરિત દાતાશ્રી

શ્રીમતી આરતીબેન અભયભાઈ દાદભાવાળા સેનેટોરિયમ

તિથલ – વલસાડ

સભાના ચેરમેન-ટ્રસ્ટી શ્રી પ્રવિણભાઈ ગંભીરચંદ શાહનું છેલ્લા ૨૦ વર્ષથી સ્વપ્ન હતું કે દરિયા કિનારે (ગુજરાત) માં આપણું એક સેનેટોરિયમ હોવું જરૂરી છે. જે ઈચ્છા-મહેચ્છા સભાના પ્રમુખ-ટ્રસ્ટી શ્રી પંકજભાઈ સંઘવીએ તેમજ સભાના ટ્રસ્ટીઓ – હોદ્દેદારો તેમજ કમિટીના સભ્યોના સાથ-સહકારથી આ ભગીરથ કાર્ય ફક્ત ત્રણ મહિનામાં સાકાર થયેલ છે. તિથલ-વલસાડ નવનિર્મિત સેનેટોરિયમના કન્વીનરો શ્રી જયેશભાઈ જોબાલિયા, શ્રી રાજેશભાઈ ગોપાણીએ, ત્રણ મહીનામાં લગભગ ચાર થી પાંચ વખત અલગ-અલગ સ્થળોની ચારેય મહાનુભાવોએ મુલાકાત કરી. અંતમાં તા. ૨૯-૧૦-૨૦૨૬ ના રોજ શુભ મુહુર્તે બિલ્ડરને ટોકન આપી આ શુભ કાર્ય પૂર્ણ કરેલ છે. અનુમોદના... અનુમોદના.

સભા દ્વારા આવાહ્ન

આપ સર્વ જાણો છે આ નવા પ્રકલ્પ માટે શ્રીમતી આરતીબેન અભયભાઈ દાદભાવાળા દ્વારા બે કરોડની માતબર રકમ મુખ્ય દાતાશ્રી તરીકે આપવામાં આવેલ છે.

આ પ્રકલ્પ ને જલ્દીથી પુરું કરવા માટે નીચે મુજબ ટહેલ નાંખવામાં આવેલ છે.

કુલ ૯ એપાર્ટમેન્ટ

(૧) વર્ષ દરમ્યાન ૧૫ દિવસ લાભ આપવામાં આવશે (દર વર્ષે)* રૂા. ૧૧ લાખ

(૨) વર્ષ દરમ્યાન ૦૭ દિવસ લાભ આપવામાં આવશે (દર વર્ષે)* રૂા. ૦૫ લાખ

સંપર્ક સુત્ર

શ્રી પંકજભાઈ સંઘવી
મો. ૯૮૨૦૦ ૪૦૭૧૯

શ્રી પ્રવિણભાઈ ગંભીરભાઈ શાહ
મો. ૯૮૯૨૨ ૪૩૦૪૭ – હેમંતભાઈ

શ્રી પ્રિતુલભાઈ ભરતભાઈ શાહ (ગેડીવાળા)
મો. ૯૩૨૩૧ ૮૦૬૬૫

શ્રી કિરીટભાઈ વ્રજલાલ શેઠ
મો. ૯૮૨૦૦ ૬૩૭૮૩

* સભાના નિતીનિયમ મુજબ આધીન

શંખ-છીપલાંની બાવલી

હરિશ્ચંદ્ર

કોવલમ્ ગામડું છે કેરલના દરિયાકાંઠાનું. તેનો કાંઠો બહુ રળિયામણો એટલે અનેક સહેલાણીઓ આવે છે ત્યાં મોજ માણવા. સાગર-સ્નાન, વિશાળ રેતપટ પર સૂર્યસ્નાન, આસપાસની કુદરતનું સૌંદર્યપાન. એમના ખાનપાન અને રંગરાજ માટે ત્યાં એક શહેરી ઢબની હોટેલ ખૂલી છે.

દૂરના શહેરમાંથી દિવસમાં રોજ માત્ર એક બસ અહીં આવે છે. નાગાં-પૂગાં છોકરાંવ દોડી જાય છે એને જોવા. હાથ પણ લંબાવે છે. સહેલાણીઓ પાસેથી પામે છે પાઈ-પૈસો, ચોકલેટ-પીપરમિન્ટ, આઈસ્ક્રીમના ખાલી કપને જૂઠણ. પરંતુ બસ પોતા ઉપર ઘસી આવે એ ભયે રાજમ્મા દૂર ઊભી ઊભી જોતી રહે છે. એને એ પણ નથી સમજાતું કે આ બધાં અહીં શા માટે આવે છે, અને અહીં આવીને શું કરે છે ને શું નિહાળે છે! એ મોટે ભાગે જ્યાં અવરજવર ઓછી હોય ત્યાં કાંઠે શંખ-છીપલાં વીણતી રહે છે. એને કોઈએ કહ્યું છે કે બંધ છીપલામાં મોતી હોય છે. બંધ છીપલું હાથમાં આવતાં રાજ ધીમેથી ઉઘાડે છે પણ તેમાંથી નીકળે છે કીડો. પછી તે છીપલાંમાં રાજ પાણી ભરી મોતી બનાવવા તેને રેતીમાં દાટી દે છે. નિશાની માટે ખોસે છે કાંઈક ઝાડ-ઝાંખરું, જે ભરતી આવતાં ક્યાંય તણાઈ જાય છે!

રાજને ઘણાં મોતી ભેળાં કરવાં છે, અને ક્યારેક બસમાં જઈ શહેરમાં વેચી આવવાં છે. તેના ઘણા બધા પૈસા મળશે. તેમાંથી પોતાના ઘરના ઘાસ-ફૂસના છાપરે નળિયાં ચઢાવી શકાશે, અને રોજ કાંઈક સારું ખાવાનું બનાવી શકાશે. આમ છીપલાં વીણતાં એ ૧૫-૧૬ ની થઈ ચૂકી છે.

એક દિવસ વરસતા વરસાદમાં છીપલાં વીણીને એ ઘેર પાછી ફરી ત્યારે કોઈ અજાણ્યાં બાબુસાહેબ એના બાપ સાથે કાંઈક વાતચીત કરી રહ્યા હતા. રાજના પલળેલા દેહ પર એની નજર ફરી વળી. કોણ જાણે કેમ, રાજને એ નજર ન ગમી. પણ બાપની સમજાવટથી અને કાંઈક ધાકથી પણ એ મુથ્થુસ્વામી સાથે જ મુંબઈ ભેળા થવું પડ્યું. બાપને મળ્યા રોકડા ૫૦૦ અને રાજને મહિને ૧૫૦ ની નોકરી!

દરિયાકાંઠો તો મુંબઈમાં પણ હતો, એ રહેતી હતી ત્યાંથી બહુ નજીક જ. પરંતુ એ હતો સિમેન્ટ-કોંક્રિટનાં મકાનોથી છવાયેલો. અને એ કાંઠે કોવલમ્‌ના કિનારા જેવાં નાજુક, મુલાયમ, વિવિધરંગી શંખ-છીપલાંયે ન હતાં. હા, એણે ત્યાં બજારમાં શંખ-છીપલાંની બનાવેલી સુંદર-સુંદર બાવલીઓ વેચાતી જરૂર જોઈ.

શરૂશરૂમાં તો રાજમ્માને આ બધું જરીકે ગોઠ્યું નહીં. કોવલમ્‌નો એ કિનારો, કાંઠા પરનાં શંખ-છીપલાં, પોતાની તૂટી ફૂટી છતાં સુરક્ષિત ઝૂંપડી-બધું યાદ કરીને એ એકલી એકલી રડતી. પણ પછી ધીરે ધીરે એ ટેવાતી ગઈય બીજો ઉપાય જ નહોતો. કુદરતને ખોળે સાચાં મોતી શોધતી ફરતી રાજ ક્યારે ખોટાં મોતી વાપરવામાં ખોવાઈ ગઈ તેની એને પોતાને પણ ખબર ન રહી. પછી કોવલમ્‌ના કિનારા સાથે એનો સંબંધ રહ્યો માત્ર બાપને ઘેર દર મહિને પૈસા પહોંચાડવા પૂરતો.

આખરે શરીર થાકતાં રજા ઉપર એ દસ વરસે પોતાને ગામ પાછી ફરી. ત્યારે એક બોચકામાં કપડાં લઈ ગયેલી. આવી ત્યારે હાથમાં મજાની સૂટકેસ હતી. કોવલમ્‌નો કિનારો પણ એવો જ બદલાઈ ગયો હતો. આલિશાન હોટેલ, મુંબઈ જેવી જ થોડી બંગલીઓ.

એના પોતાના ઘરમાંય ઘણું બદલાયું હતું. માત્ર શંખ-છીપલાંનો એણે બનાવેલો સાથિયો જેમનો તેમ હતો. એ સાથિયામાં રાજ પોતાનું ખોવાયેલું બાળપણ શોધતી રહી.

એના મુંબઈ ગયા પછી જન્મેલા નાના ભાઈ બાબુ સાથે એને સારી દોસ્તી થઈ ગયેલી. આખો દિવસ એ એને વળગેલો રહેતો. એક દિવસ જરા દૂર દૂરના કાંઠે એ એને તાણી ગયો. ત્યાં બસ, છીપલાં જ છીપલાં! 'જો મોટી! બધા તો છીપલાં વેચી આવે છે બાવલી બનાવવાના કારખાને. પણ હું વીણીને મારા માસ્તરને આપું છું.'

અને એક વાર માસ્તરને ત્યાં પણ લઈ ગયો. અહા! રાજ જોતી જ રહી! શંખ-છીપલાંનું જ આખું ઘર! છીપલાંનાં પક્ષી, ફૂલ-ઝાડ, વેલ, ભીંતો મઢેલી, રંગોળી...કોવલમ્‌ના કિનારાનું સૌંદર્ય રાજને અહીં ફરી સાંપડ્યું.

રાજમ્માને ઘણું સારું લાગવા માંડ્યું. મુંબઈ એ ભૂલવા માગતી હતી. પણ બાપને એ શેં પોષાય? મુંબઈની એની કમાણી ઉપર તો અહીંનું ઘર નભતું હતું. નિરુપાયે રાજને ફરી કોવલમ્ છોડવું પડ્યું. નીકળતી વખતે બાબુએ કહ્યું, 'માસ્તર શંખ-છીપલાંનો સરસ તાજમહાલ બનાવી રહ્યા છે! અને એમણે તારા માતે આ ભેટ મોકલી છે.'

ટ્રેનમાં બેસી એણે પેકેટ ખોલ્યું. શંખ-છીપલાંની એક સુંદર બાવલી! તેના પર 'રાજમ્મા' નામ કોતરેલું હતું. ટ્રેન ધસમસતી મુંબઈ ભણી આગળ વધી રહી હતી. પહેલાં તો રાજે બાવલી પર કુમાશથી હાથ ફેરવ્યો પણ પછી એકાએક શું થયું, દાંત ભીંસીને બે હાથ વડે એણે બાવલીને મચડી નાખી. બાવલીના હાથ પગ લબડી ગયા, માથું તૂટી ગયું ..... અને પછી એ ધ્રૂસકે ધ્રૂસકે રડી.

(શ્રી સ્નેહલ જોશીની મરાઠી વાર્તાને આધારે)

શ્રી ઝાલાવાડી સ્થાનકવાસી જૈન સભા -મુંબઈ • ઝાલાવાડી સભા ચેરિટેબલ ફાઉન્ડેશન

પારિતોષિક સમારંભ ૨૦૨૫ અને ૨૦૨૬

સંકલન : મુકેશ શાહ ચશ્માવાળા

ઝાલાવાડી સભાના તેજસ્વી તારલાઓને બિરદાવવાનો અને પ્રોત્સાહિત કરવાનો કાર્યક્રમ એટલે પારિતોષિક સમારંભ. આપણા સમાજનું શ્રેષ્ઠ યુવાધન જેમણે શૈક્ષણિક ક્ષેત્રે સિદ્ધિ હાંસલ કરેલ છે અને આપણા સમાજનું નામ ઉજ્જવળ કરેલ છે તેવા સંતાનોને પારિતોષિક, ટ્રોફી, સર્ટીફીકેટ અને ચેક દ્વારા બહુમાન કરવાનો કાર્યક્રમ ગત તા. ૨૪-૧૦-૨૬ ના શનિવારના રોજ માનવ સેવા સંઘ સાયન ખાતે ઉત્સાહ અને ઉમંગ સાથે ઉજવાયો.

કન્વીનર શ્રી મુકેશભાઈ શાહ ચશ્માવાળા, મંત્રીશ્રી અનિલભાઈ સંઘવી, પ્રિતુલભાઈ શાહ, નિરવભાઈ દોશી, નરેન્દ્રભાઈ ગાંધી તેમજ કમિટી સભ્યો મીરાબેન શાહ અને મહેશભાઈ દોશીએ ખૂબ ઝીણવટથી આવેલ અરજીઓમાંથી ચકાસણી કરી વિજેતા વિદ્યાર્થીઓનું લીસ્ટ બનાવી આમંત્રિત કર્યા.

કાર્યક્રમની શરૂઆત બહેનો દ્વારા સુંદર ભાવવાહી સ્વરે નવકારમંત્ર દ્વારા થઈ. ત્યારબાદ સભાના ટ્રસ્ટી-ચેરમેન શ્રી પ્રવિણભાઈ શાહે આશીર્વચન અને અભિનંદન દ્વારા વિદ્યાર્થીઓના ઉત્સાહમાં વૃદ્ધિ કરી તીથલ-વલસાડ ખાતે સ્વીમીંગ પુલ તથા અદ્યતન સુવિધાવાળા સેનેટોરિયમની શ્રી પ્રવીણભાઈની જાહેરાતને હાજર રહેલ સભ્યોએ તાળીઓના ગડગડાટથી વધાવી લીધેલ.

ત્યારબાદ ઝાલાવાડી સભાના ટ્રસ્ટી -પ્રમુખ શ્રી પંકજભાઈ સંઘવીએ સભાની વિવિધ પ્રવૃતિઓનો ચિતાર આપી તેજસ્વી તરૂણોને અભિનંદન આપેલ. પ્રમુખશ્રીના વક્તવ્યમાં આપણી દીકરીઓને મેમ્બર બનાવવાની જાહેરાત, તેમ જ આાગમી વર્ષ ૨૦૨૭ માં ૧૨૫ વર્ષની ઉજવણી ભવ્ય રીતે કરવાની માહિતી આપેલ હતી જેને ખુબ સુંદર પ્રતિસાદ મળેલ હતો.

માર્ચ ૨૦૨૫ અને માર્ચ ૨૦૨૬આ બે શૈક્ષણિક વર્ષને સંયુક્ત કાર્યક્રમ તેમ જ બંને વર્ષના ધાર્મિક શ્રેણીના વિજેતા વિદ્યાર્થીઓને પારિતોષિક વિતરણ સમારોહ શરૂ કરતા પહેલા આજના સમારંભના અતિથી વિશેષ શ્રી કિરીટભાઈ શેઠનો પરિચય કન્વીનર શ્રી મુકેશભાઈ શાહ ચશ્માવાળા એ લાક્ષણિક શૈલીમાં આપેલ ત્યારબાદ કિરીટભાઈ શેઠનું બહુમાન સભાના ટ્રસ્ટીઓ દ્વારા કરવામાં આવેલ અને કિરીટભાઈએ પોતાના ભાવ રજુ કરેલ હતા.

કાર્યક્રમને આગળ ધપાવતા મંત્રીશ્રી અનિલભાઈ સંઘવીએ પોતાની આગવી સ્ટાઈલથી અતિથી વિશેષ શ્રી મહેશભાઈ વોરાનો પરિચય આપેલ અને તેમનું બહુમાન સભાના ટ્રસ્ટીઓ દ્વારા કર્યા બાદ પારિતોષિક સમારંભની શરૂઆત થયેલ.

અલગ-અલગ ફેકલ્ટીના વિવિધ શૈક્ષણિક કોર્સના વિદ્યાર્થીઓનું બહુમાન સભાના ટ્રસ્ટીઓ, કમિટી મેમ્બરો તથા ડોનરોથી કરવામાં આવેલ. ટ્રોફી, સર્ટીફિકેટ અને ચેક દ્વારા સર્વે વિદ્યાર્થીઓનું સન્માન કરવામાં આવેલ. ત્યારબાદ બંને વર્ષના ધાર્મિક શ્રેણીના વિજેતાઓનું બહુમાન ચેક અને સર્ટીફિકેટ દ્વારા કરવામાં આવેલ. વિદ્યાર્થીઓએ તેમનાં પ્રતિભાવમાં ઝાલાવાડી સભાનો આભાર પ્રકટ કરેલ હતો.

છેવટે, આપણા સભ્ય તથા ડોનર શ્રી ચિંતનભાઈ કિશોરભાઈ શાહ દ્વારા ૨૫ લેપટોપ સભાના જરૂરિયાતવાળા વિદ્યાર્થીઓને આપવાની જાહેરાત શ્રી અનિલભાઈ સંઘવીએ કરેલ અને દરેક વિદ્યાર્થીઓને સ્ટેજ પર બોલાવી લેપટોપ આપવામાં આવેલ.

મુકેશભાઈ શાહ ચશ્માવાળાએ J.K. Shah Classes તરફથી દરેક વિદ્યાર્થીને ૨૦% ડિસ્કાઉન્ટ કોઈ પણ કોર્સ માટે આપવામાં આવશે તેવી જાહેરાત કરાત વિદ્યાર્થીઓ આનંદિત થયા હતા તેમ જ ક્લાસેસ દ્વારા દરેક વિદ્યાર્થીને વ્યક્તિગત કેરીઅર કાઉન્સેલિંગ કરી માર્ગદર્શન આપવામાં આવશે તેની જાહેર કરવામાં આવેલ.

કાર્યક્રમના વચ્ચે વચ્ચે તેમ જ અંતમાં થયેલા લકી ડ્રોમા ઈનામને સુંદર પ્રતિસાદ મળેલ હતો અને વિદ્યાર્થીઓ તથા વાલીઓમાં ઉત્સુકતાની લાગણી જોવા મળેલ હતી.

સંપૂર્ણ કાર્યક્રમને સફળ બનાવવા માટે પારિતોષિક કમિટીની મહેનત તથા વિજયભાઈ અજમેરા, નિરવભાઈ ખંધાર, અતુલભાઈ શાહ અને પરેશભાઈ દોશી, દર્શકભાઈ શાહનો સાથ મળેલ હતો.

લગભગ સવા બે કલાક સુધી ચાલેલ કાર્યક્રમ બરાબર ૮.૩૦ વાગ્યે પૂર્ણ થતા સહુ મનભાવન પ્રિતી ભોજનને ન્યાય આપી, સુંદર સંચાલનના વખાણ કરી છુટા પડયા હતા.

❖❖❖

શ્રી ઝાલાવાડી સ્થાનકવાસી જૈન સભા -મુંબઈ
ઝાલાવાડી સભા ચેરિટેબલ ફાઉન્ડેશન

સંચાલિત

શ્રીમતી પ્રિયાબેન મહેન્દ્રભાઈ તુરખિયા

સભાની ઑફિસ

301, Bay View (East), 3rd Floor, 47, Dr. M.B. Velkar Street, (Kolbhat Lane) Chira Bazar, Mumbai - 400 002.

Office Time : 11.00 A.M. To 7.00 PM • Lunch Time : 1.00 To 2.00 PM

Office Mobile No. 7208472884

Shree Zalawadi Sthanakwasi Jain Sabha - Mumbai
Bank of India - Kalbadevi Branch - A/c. 002410100027896 - IFSC Code: BKID0000024
પત્રિકા માટે જાહેરાતની રકમ ઉપર આપેલ એકાઉન્ટમાં જમાં કરાવવાની રહેશે

Zalawadi Sabha Charitable Foundation
Bank of India - Kalbadevi Branch - A/c. 002410100055214 - IFSC Code: BKID0000024
અનુદાન/ ડોનેશનના રૂપિયા ચેરિટેબલ ફાઉન્ડેશનમાં મોકલવા જેથી કરરાહતનો લાભ મળી શકે.

જે પણ રકમ દાનની ઓનલાઈન મોકલો તેની Transaction ID /Receipt મિલનભાઈને મોકલવા વિનંતી.

પંચગીની	સંસ્થાના મેનેજર	ડોનેશન - ફંડ	સુરેન્દ્રનગર અતિથિ ભવન
માથેરાન / દેવલાલી	શ્રી પ્રદીપભાઈ તુરખિયા	મેડિકલ સહાય	સુરેન્દ્રનગર - કેતનભાઈ શાહ
Online Query / New Member	સંપર્ક	પત્રિકા જાહેરખબર	9099350644 / 9426756100
Patrika /Loan	9867748120	સ્કુલ-કૉલેજ ફી	મુંબઈ - શ્રી મિલનભાઈ તુરખિયા
શ્રી નિરવભાઈ શાહ		લોનાવલા	9860125136
9819012468		શ્રી મિલનભાઈ 9860125136	

સેનિટોરિયમનું બુકિંગ ઑનલાઈન zalawadi.com ઉપર જ કરવાનું રહેશે એની નોંધ લેવા વિનંતી.

સાભાર સ્વીકાર

શ્રી ચિરાગ જયંતિલાલ પારેખ તરફથી (હાલ - કાંજુરમાર્ગ) ઉચ્ચ શિક્ષણ ફંડ રૂા. ૩૦૦૦/-

અનિલકુમાર ચુનીલાલ શાહ (ઉ.વર્ષ ૮૯) (હાલ - બોરીવલી (ઈસ્ટ) તારીખ ૪-૧૦-૨૦૨૬ ના અરિહંત શરણ પામેલ છે તથા દીનાબેન અનિલકુમાર શાહ (ઉ.વર્ષ ૮૩) (હાલ - બોરીવલી (ઈસ્ટ) તારીખ ૫-૧૦-૨૬ ના અરિહંત શરણ પામેલ છે. તેમના સ્મરણાર્થે રૂા. ૨૨૦૦/-

કિંજલ દિપકભાઈ મહેતા ૯ ઉપવાસ તથા રિષભ દિપકભાઈ મહેતા અઠ્ઠાઈ પ્રસંગે હ. દિપકભાઈ મહેતા સુરેન્દ્રનગર નિવાસી (હાલ - થાણા) રૂા. ૨૧૦૦/-

ભારતીબેન હર્ષદભાઈ શાહ તરફથી રૂા. ૫૦૦/-

ફલશ્રુતિ

સાહિત્ય અને કેળવણીના ક્ષેત્રની કામગીરીની છેવટની ફલશ્રુતિ તે જીવનને સમૃદ્ધ કરવું. લોકશાહીને સાંસ્કૃતિક રીતે પગભર બનાવવી, એ નથી શું ? દેશની વસ્તીના ૨૦ ટકા લોકો હરિજનો અને આદિવાસીઓ છે. તેમાં પછાત જાતિના લોકોને ઉમેરીએ તો કુલ ૭૦ ટકા વસ્તી થાય. ૭૦ ટકા લોકો ન-ઈચ્છવા-જેવી સ્થિતિમાં જીવન ગુજારતા હોય, તે સંજોગોમાં કોઈ લોકશાહી સાંસ્કૃતિક, આર્થિક કે સામાજિક રીતે પગભર થઈ શકે નહિ.

-ઉમાશંકર જોશી

પ્રત્યેક ઝાલાવાડી સભ્યનું ઉત્તરદાયિત્વ

'આધારસ્તંભ યોજના'

આ યોજનામાં જોડાનાર વધુ બડભાગી દાતાઓ : દરેકના રૂા. ૧૧,૦૦૦/–

- રોજકા નિવાસી (હાલ-ઘાટકોપર) સ્વ. ભાનુમતી ભોગીલાલ શાહના સ્મરણાર્થે હસ્તે તેમના પરિવાર
- ચિ. કુશલ વિજયભાઈ અજમેરા તથા અ.સૌ. પલક કુશલ અજમેરાની સજોડે અક્ષાઈ તપશ્ચર્યા નિમિત્તે માતુશ્રી સરોજબેન પુનમચંદભાઈ અજમેરા પરિવાર તરફથી
- માતુશ્રી શારદાબેન મનહરલાલ ગાંધીના સ્મરણાર્થે હ. પારૂલબેન અતલુભાઈ તથા પૂર્વીબેન પંકજભાઈ તથા કમળાબેન સંજયભાઈ તથા અલ્પાબેન (હાલ - બોરીવલી)
- શ્રીમતી બેલાબેન સમીરભાઈ સંઘવી લીંબડી નિવાસી (હાલ- બોરીવલી) હસ્તે. કલ્પી ભવ્ય સંઘવી
- સ્વ. હિરાલક્ષ્મી મોહનલાલ શાહના સ્મરણાર્થે હસ્તે જયેશ મોહનલાલ શાહ (હાલ - બોરીવલી)
- સ્વ. ભાનુમતી મહાસુખલાલ કામદાર હસ્તે. નીતા વિજય કામદાર (હાલ - બોરીવલી - વેસ્ટ)
- સ્વ. સરયુબેન નવલચંદ દોશી હસ્તે પ્રવીણા પરેશ દોશી (હાલ - બોરીવલી- વેસ્ટ)
- સ્વ. પ્રભુદાસ મોતીલાલ અજમેરા હસ્તે નિલેશભાઈ તથા કલ્પેશભાઈ હાલ - યોગીનગર - બોરીવલી વેસ્ટ
- ચિ. જૈનમ તથા ચિ. ઉન્નતીના લગ્ન પ્રસંગે (હાલ - બોરીવલી)
- શ્રી વિક્રમભાઈ સુભાષચન્દ્ર શાહ તરફથી (હાલ - બોરીવલી)
- શ્રીમતી આરતીબેન અતુલભાઈ શાહ તથા શ્રી અતુલભાઈ અમૃતલાલ શાહ (હાલ - બોરીવલી)
- સ્વ. આશાબેન ચેતનભાઈ ગાંધીના સ્મરણાર્થે હસ્તે શારદાબેન જયંતીલાલ હિમજીભાઈ પરિવાર તરફથી (હાલ - બોરીવલી)
- શ્રી વિરલ અરવિંદભાઈ લુખી તરફથી (બોરીવલી)
- મિતુલ જયેશભાઈ શાહ (હાલ - બોરીવલી)
- ઉષાબેન ચન્દ્રવદન વોરા (હાલ - બોરીવલી)
- સ્વ. રીનાબેન દિનેશભાઈ શાહની પ્રથમ પુણ્યતિથિ નિમિત્તે હસ્તે દિનેશભાઈ અમૃતલાલ શાહ (બોરીવલી)
- અશોકભાઈ સંઘવી અને રીટાબેન સંઘવી હસ્તે મીત અશોક સંઘવી (U.S.A) કાંદીવલી
- સરોજબેન જશવંતલાલ સંઘવી - (હાલ - સાયન)
- સતીષભાઈ ચંદુલાલ શાહ - ૯ ઉપવાસ તથા દિનાબેન સતીષભાઈ - ૮ ઉપવાસ તથા દર્શકભાઈ - ૮ ઉપવાસ, સ્નેહાબેન દર્શકભાઈ શાહ - ૮ ઉપવાસ, મેઘના અંકિત શાહ - ૬ ઉપવાસ તથા દિયાના અંકિત શાહ - ૮ ઉપવાસ (હાલ - સાયન)
- ભાવીતા ધ્રુમિત શાહ - ૧૧ ઉપવાસ તથા મીરાન ધ્રુમિત શાહ - ૬ ઉપવાસ તથા કૃતિ રાજીવ શાહ - ૮ ઉપવાસ તથા રાજીવ ઉરન શાહ - ૮ ઉપવાસ (હાલ - સાયન)
- રેખાબેન મહેન્દ્રભાઈ અજમેરા - ૮ ઉપવાસ (હાલ - સાયન)
- રિશી વિરલ શાહ - ૮ ઉપવાસ (હાલ - સાયન)

આ દિવસો પણ ચાલ્યા જશે

રાયશી પ્રતિક્રમણ (રાત્રિ દરમ્યાન જાણતા અજાણતા થયેલા પાપોનું પ્રાયશ્ચિત)થી પરવારી સંત મંદમંદ સ્વરે વીતરાગ વંદના કરી રહ્યાં હતાં થોડીવારમાં ઉષાની લાલીના રંગો આકાશમાં છવાયા પક્ષીઓનો મધુર કલરવ સુપ્રભાને ચેતનવંતુ બનાવી રહ્યો હતો.

ધર્મ સ્થાનકમાં ધીમે પગલે નીચું મસ્તક ગુરુદેવને પાંત્રીસેક વર્ષના યુવાને વંદના કરી.

મ્લાન ચહેરા પર છવાયેલ હતાશા અને વિષાદ જોઈ ગુરુદેવે પૂછયું સવાર, સવારમાં આમ થાકેલા કેમ લાગો છો ભાઈ !

યુવાન મૌન રહ્યો. ગુરુદેવ સામે આંખમાં આંખ મળી યુવકની આંખમાં હજારો વણપૂછાયેલા પ્રશ્નોનું તોફાન હતું. રોકી રાખેલા અશ્રુબિંદુ યુવાનની પાંપણને ભીંજવી ગયાં.

સંતોનાં હૃદય કરુણાસભર હોય છે માખણને તો દૂરથી તાપ લાગે તો ઓગળવા માડે પરંતુ બીજાની પીડા-પરિતાપથી કરુણાવાન સંતોનાં હદય દ્રવે એવા સંત પૂ. ભદ્રગુરુજીએ યુવાનને પોતાની પાસે બેસાડ્યો અને હેતાળ અને મધુર વચનથી પૂછયું ભાઈ શું મૂંઝવણ છે ? તેતો કહે. ભાઈ આવા તાજગીસભર પ્રભાતમાં તું થાકેલો કેમ લાગે છે.

મહારાજ સાહેબ, જીવનથી થાકી ગયો છું, હારી ગયો છું. હવે ઈચ્છું છું માત્ર મૃત્યુ ! ભાઈ પૂર્વે કરેલાં અથાગ અને સમ્યક પુરુષાર્થે માંડ માનવ દેહ, ઉત્તમ ધર્મ અને કુળ મળ્યું તેને હાથે કરીને શું કામ ગુમાવવું છે ? તારી સાથે શું ઘટના બની તેતો કહે, યુવાને કથની કહી અને અંતમાં કહ્યું કે આત્મહત્યા કરવા જઈ રહ્યો છું તો છેલ્લે તમારા દર્શન કરવાનો વિચાર આવ્યો એટલે સ્થાનકમાં અંતિમ વાર આવ્યો છું. ભાઈ આ દિવસો પણ વહી જશે. ગુરુએ ગંભીર થઈને કહ્યું - આત્મહત્યા દ્વારા મૃત્યુનો વિચાર કાયરો કરે તમારે આવો વિચાર કરવાની જરૂર નથી. તમારી ભીતરમાં શક્તિ છે તેને કામે લગાડો. બધું સારું થઈ જશે ક્યારેય તમે ભાંગી ના પડશો ભાઈ સાંભળો ! અને ગુરુને મુખેથી એક પ્રેરણાનો સ્તોત્ર વહેવા લાગ્યો.

'જ્યારે તમે ચારેકોરના પ્રશ્નોથી ઘેરાઈ ગયા હો, બધી જ પરિસ્થિતિ તમારાથી વિપરીત જઈ રહી હોય, વેપારમાં તમને કયાંય ફાવટ ન આવતી હો, જ્યાં જ્યાં પગ મૂકો ત્યાં બધે જ ઠોકર લાગતી હોય, ઘરમાં પણ તમારૂં ધાર્યું ન થતું હોય, સ્વજનોએ તમારાથી મોં ફેરવી લીધું હોય, 'મામકા' ગણાતા બધા 'પરાયા' થઈ ગયા હોય, લેણદારો તમારૂં લોહી પી જતા હોય અને તમે છેક મરી જવાની આણી પર આવીને ઊભા રહી ગયા હોય ત્યારે પણ તમારે ભાંગી પડવાની જરૂર નથી, નથી ને, નથી જ. તમે નક્કી સમજી રાખજો કે આ પરિસ્થિતિનો પણ એક દિવસ અચૂક અંત આવી જવાનો છે. હાલ જેટલી આફતો ઊતરી છે તે બધી એક દિવસ દૂર થઈ જવાની છે. કોઈ પણ દુ:ખ આ જગતમાં ક્યારેય પણ પરમેનેન્ટ નથી હોતું. દરેક દુખનો એક દિવસ અંત આવી જાય છે.'

સમુદ્રમાં ઓટ પછી પાછી ભરતી આવે જ છે. ઘસાઈ ઘસાઈને સાવ ક્ષીણ થઈ ગયેલો ચંદ્ર પંદર દિવસમાં પાછો પૂનમનો ચાંદ બનીને આકાશમાં ચમકે છે. ઘનઘોર રાત પણ વીતી જાય છે અને વહેલી પરોઢે ઉષા પ્રગટે છે અને સહસ્ત્રરશ્મિ સૂરજદેવ આખી પૃથ્વીને અજવાળી મૂકે છે.

દુ:ખ, આપણા પોતાનાજ પૂર્વકૃત કર્મોના ઉદયથી આવે છે. એમાં કોઈને દોષ દેવાની લેશ માત્ર જરૂર નથી. હાયવોય કરવાની પણ જરૂર નથી. અકળાયા વીના આવેલા દુ:ખને સમભાવે સહી લેવાની જરૂર છે. કોઈપણ દુ:ખ ક્યારેય બેકાર જતું નથી. દરેક દુ:ખ આપણને વધુ ને વધુ મજબૂત બનાવતું જાય છે. આપણો વીલ પાવર વધારતું જાય છે. જેમ જેમ તાપ વધતો જાય તેમ તેમ સોનું વધુને વધુ શુદ્ધ બનતું જાય છે. અગ્નિ પરીક્ષામાંથી પાર ઉતરેલા સોનાના જ જગતમાં ભાવ બોલાય છે, લોઢાને કોઈ પૂછતું નથી.

તમારી ડાયરીમાં નોધી લો કે દુ:ખ ખરાબ ચીજ નથી. દુ:ખ ક્યારેય નકામું જતું નથી. કોઈ દુ:ખ ક્યારેય આપણી સહનશક્તિ કરતાં વધારે મોટુ હોતું નથી આપણા ટી શર્ટની જેમ દુ:ખ પણ માપસરનું જ આવે છે. તમે એને લુઝર શર્ટ માની બેસવાની ભૂલ ન કરશો. આપઘાતનો ક્યારેય વિચાર ન કરશો. આજે નહીં તો કાલે તમારા દુ:ખનું પૂર્ણવિરામઆવી જવાનું છે. દુ:ખને કાઢવા તમે જ્યાં અને ત્યાં, જે અને તે રસ્તે ફાંફાં મારવાને બદલે કશો વિચાર કર્યા વિના પૂર્ણ શ્રદ્ધાથી ધર્મનો સીધો રસ્તો પકડી લો અને સાચ્ચે સાચ્ચા દિલથી પરમાત્માની ભક્તિમાં લાગી જાવ. તમે ન્યાલ થઈ જશો. પ્રભુની ભક્તિ કરતાં કોઈની લાજ જતાં આજ લગી જાણી નથી. રાજા શ્રીપાલનો કોઢ દૂર થયો છે અને રાણી મયણાની ઉપાધિઓ ટળી છે. સીતા, અંજના, દમયંતી અને દ્રૌપદીઓના દુ:ખોનો અંત આવી ગયા છે. અને મીરાંબાઈના પવાલાનું ઝેર અમૃત થઈ ગયું છે. તમારી પાસે શ્રદ્ધા જેવી ચીજ હોય તો પ્રભુના ચરણે મેલી દ્યો અને પછી બધી ફીકર છોડીને મસ્તીથી જીવો.

ગુરુજીના વચને યુવાનમાં ઉત્સાહ આવ્યો, આંખોમાં ચમક આવી જીવનમાં એક નવીજ આશાનો સંચાર થયો સંત મરણે સ્પર્શ કરી યુવાન વિદાય થયો તેની સાથે તેના નવજીવનનો અભ્યુદય થયો.

સંત સંસારની બળબળતી બપોરને ચંદન જેવી શીતળતા આપે છે. ❖❖❖



પ્રતિક્ષાનો ઝગમગતો દીવો

મધુભાઈ ભીમાણી

દર સોમવારે મંદિરમાં એક વૃદ્ધ એક જ દીવો પ્રગટાવતા હતા.. પરંતુ ક્યારેય કોઈ માનતા નહોતા માંગતા. ૨૭ વર્ષ પછી તે એક દીવાનું રહસ્ય ખૂલ્યું.

દર સોમવારે સવારે બરાબર છ વાગ્યે, શહેરના સૌથી જૂના શિવ મંદિરનો મુખ્ય દરવાજો ખૂલતાં જ એક સફેદ ધોતિયું-ઝભ્ભો પહેરેલો દુબળા-પાતલા વૃદ્ધ સૌથી પહેલા સીડીઓ દેખાતાય તેમના હાથમાં ફૂલોની એક નાની ટોપલી હોતી, એક પિત્તળનો દીવો હતો અને ખિસ્સામાં કપૂરની ડબ્બી. મંદિરમાં આવનારા અન્ય લોકો ભગવાનની સામે ઊભા રહીને પોતાના મનોકામનાઓ માંગતા, કોઈ નોકરીની પ્રાર્થના કરતું, કોઈ સંતાનની, કોઈ બીમારીથી છુટકારાની, તો કોઈ ધનની બરકતની. પરંતુ તે વૃદ્ધ ચૂપચાપ શિવલિંગ સામે દીવો પ્રગટાવતા, તેને બંને હથેળીઓથી ઢાંકીને થોડી ક્ષણો સુધી જોતા, અને પછી મંદિરના સૌથી છેલ્લા ખૂણામાં જઈને બેસી જતા તેમની આંખો વારંવાર મંદિરના મુખ્ય દરવાજા તરફ ઊઠતી, જાણે કોઈના આવવાની રાહ જોવાતી હોય. આરતી પૂરી થતી, ભીડ પાછી ફરતી, પૂજારી પ્રસાદ વહેંચી દેતા, પરંતુ તે વૃદ્ધ પ્રસાદ લીધા વિના જ ધીમેથી ઊભા થઈને ઘરે જતા રહેતા.

આ સિલસિલો એક-બે મહિના નહીં, પૂરા સત્તાવીસ વર્ષ સુધી ચાલતો રહ્યો. મંદિરના જૂના પૂજારી તેમને ઓળખતા હતા. દુકાનદારો તેમને જાણતા હતા. ફૂલ વેચવાવાળાં વૃદ્ધ માજી કહેતાં, ''બાબા ક્યારેય કંઈ માંગતા જ નથી, તો પછી દર સોમવારે કેમ આવે છે?'' કોઈ હસીને કહી દેતું, ''કદાચ ભગવાન સાથે જૂની દોસ્તી હશે.'' કોઈ કહેતું, ''હવે એમનું મગજ પહેલાં જેવું નથી રહ્યું,'' પરંતુ વૃદ્ધ હંમેશા હસીને સૌની વાતો સાંભળતા અને કંઈ પણ કહ્યા વિના પાછા ફરી જતા.

સમય બદલાયો જૂના પૂજારીનું અવસાન થયું. તેમની જગ્યાએ તેમનો યુવાન દીકરો આદિત્ય મંદિર સંભાળવા લાગ્યો. તેણે પહેલા જ સોમવારે તે વૃદ્ધને જોયા. બીજા સોમવારે ફરી એ જ દીવો, એ જ જગ્યા, એ જ ખામોશી ત્રીજા સોમવારે તેણે ધ્યાન ફાયું કે દીવો ઓલવાઈ ગયા પછી પણ વૃદ્ધની નજર મંદિરના દરવાજા પર ટકેલી રહે છે. આખરે એક દિવસ તેણે પ્રસાદ લઈને તેમની પાસે બેસતા પૂછયું, બાબા, જો ખરાબ ન લાગે તો એક વાત પૂંછું'' વૃદ્ધ મલકાયા. ''પૂછ બેટા.'' ''તમે દર સોમવારે એક દીવો પ્રગટાવો છો. પરંતુ ક્યારેય ભગવાન પાસે કંઈ માંગતા નથી. તો પછી આટલા વર્ષોથી આ નિયમ કેમ નિભાવી રહ્યા છો?'' વૃદ્ધે ખિસ્સામાંથી એક જૂની કાપડની થેલી કાઢી. તેમાં નાની-નાની સળગેલી વાટના ટુકડા ખૂબ જ વ્યવસ્થિત રીતે મૂકેલા હતા. આદિત્ય આશ્ચર્યચકિત થઈ ગયો. ''આ શું છે બાબા?'' તેમને થેલીને છાતી સરસી ચાંપી દીધી. ''આ મારી પ્રતિક્ષાનાં વર્ષો છે.'' આદિત્ય કંઈ સમજી ન શક્યો. વૃદ્ધે મંદિરના આંગણામાં આવેલા જૂના પીપળાના વૃક્ષ તરફ જોતાં ઊંડો શ્વાસ લીધો.

''સત્તાવીસ વર્ષ પહેલા મારી દીકરી આરતી આ જ મંદિરમાં મારાથી વિખૂટી પડી ગઈ હતી. તેની ઉંમર માત્ર આઠ વર્ષ હતી. શ્રાવણ મહિનો હતો. ખૂબ જ ભીડ હતી. તેણે મારો હાથ મજબૂતીથી પકડી રાખ્યો હતો. ત્યારે અચાનક નાસભાગ જેવી સ્થિતિ સર્જાઈ. કોઈએ ધક્કો માર્યો, મારો હાથ છૂટી ગયો. મેં ચારે તરફ જોયું.. પરંતુ મારી બાળકી કયાંય નહોતી.''

તેમનો અવાજ ભરાઈ આવ્યો. ''મેં મંદિરનો ખૂણેખૂણો શોધી માર્યો, પોલીસમાં રિપોર્ટ નોંધાવી. તેની તસવીર લઈને શહેર-શહેર ભટક્યો. સંબંધીઓથી લઈને આશ્રમો સુધી ગયો. પરંતુ મારી આરતીનો કોઈ પત્તો ન લાગ્યો.''

થોડી ક્ષણો મૌન રહ્યા પછી તેમણે કહ્યું તે દિવસે જ્યારે અમે ઘરેથી નીકળ્યા હતા ત્યારે તેણે રસ્તામાં પૂછયું હતું 'બાબા, જો હું ક્યાંય ખોવાઈ ગઈ તો તમે મને કેવી રીતે શોધશો?' મેં હસીને કહ્યું હતું જ્યાં પણ હોઈશ, દર સોમવારે ભગવાનના ઘરે આવી જજે. હું અહીં જ મળીશ. ''તેમણે ધ્રૂજતા હાથે દીવાની ખાલી વાટકી ઉઠાવી.'' બસ બેટા.. એ જ દિવસથી દર સોમવારે હું આ દીવો પ્રગટાવું છું મને ડર હતો કે જો મારી દીકરી ક્યારેય પાછી ફરે અને હું તે દિવસે ન આવ્યો હોઉં તો? તેને લાગશે કે તેના બાબા પોતાનું વચન ભૂલી ગયા.'' આદિત્યની આંખો ભીની થઈ ગઈ. તે રાત્રે તે સૂઈ ન શક્યો.

બીજા જ દિવસે તેણે મંદિરની જૂની

દાનપેટીમાં રાખેલા રજિસ્ટર, જૂના રેકોર્ડ અને અખવારો ફંફોળવાનું શરૂ કર્યું. ઘણા કલાકો પછી તેને એક પીળી ગયેલી તસ્વીર મળી. આઠ વર્ષની હસતી બાળકી.. નીચે લખ્યું હતું - ''ગુમ થયેલ - આરતી, ઉંમર ૮ વર્ષ'' આદિત્યએ તે તસવીર સાફ કરાવી અને સોશિયલ મિડીયા પર એક ભાવુક સંદેશ સાથે શેર કરી દીધી. તેણે લખ્યું કે જો કોઈને આ બાળકી વિશે કોઈ માહિતી હોય તો સંપર્ક કરે. પોસ્ટ ધીમે ધીમે લોકો સુધી પહોંચવા લાગી.

ચાર દિવસ પછી મંદિરના કાર્યાલયમાં એક મહિલાનો ફોન આવ્યો. તેનો અવાજ ધ્રૂજી રહ્યો હતો. ''શું તે બાળકીના પિતા હજુ જીવિત છે?'' આદિત્યએ તરત જ કહ્યું, ''હા છે.'' થોડી ક્ષણો શાંતિ છવાઈ ગઈ. પછી બીજી તરફથી રડવાનો અવાજ આવ્યો. ''મને બાળપણની વધારે વાતો યાદ નથી... પરંતુ મને માત્ર એટલું જ યાદ છે કે હું દર સોમવારે કારણ વગર કોઈ મંદિરમાં દીવો પ્રગટાવવાની જિદ કરતી હતી. મને લાગતું હતું કે કોઈ મારી રાહ જોઈ રહ્યું છે.''

આદિત્યએ તરત જ તે મહિલાને શહેરમાં બોલાવી લીધી. વૃદ્ધને કંઈ જ જણાવવામાં ન આવ્યું. ડીએનએ (DNA) તપાસ થઈ. રિપોર્ટ આવવામાં થોડા દિવસ લાગ્યા. જ્યારે રિપોર્ટ આવ્યો ત્યારે ડૉક્ટરે હસીને માત્ર એટલું જ કહ્યું ''અભિનંદન... તમારી દીકરી મળી ગઈ.''

આવતા સોમવારે મંદિરમાં હંમેશ કરતાં વધારે ભીડ હતી. વૃદ્ધ હંમેશાની જેમ દીવો પ્રગટાવીને દરવાજા તરફ જોઈ રહ્યા હતા. ત્યારે ગુલાબી સાડી પહેરેલી લગભગ પાંત્રીસ વર્ષની એક મહિલા ધીમે ધીમે સીડીઓ ચડીને અંદર આવી. તેની આંખોમાંથી સતત આંસુ વહી રહ્યા હતા. તે થોડા ડગલાં દૂર ઊભી રહી ગઈ. વૃદ્ધે તેને જોઈ.. પછી નજર ફેરવી લીધી..પછી ફરીવાર જોયું મહિલા ધ્રૂજતા અવાજે બોલી ''બાબા...,'' માત્ર એક શબ્દ અને સત્તાવીસ વર્ષની પ્રતીક્ષાનો અંત આવી ગયો.

વૃદ્ધ લથડતાં પગલે તેની તરફ આગળ વધ્યા. ''આરતી...?'' મહિલા દોડીને તેમને ગળે વળગી ગઈ. આખું મંદિર ડૂસકાંથી ભરાઈ ગયું. ''બાબા મને માફ કરી દો... હું તમને શોધી ન શકી...'' વૃદ્ધ તેના માથા પર હાથ ફેરવતા બોલ્યા, ''ગાંડી... તું ખોવાઈ હતી, બેવફા નહોતી થઈ. મને હંમેશા વિશ્વાસ હતો કે એક દિવસ તું ચોક્કસ પાછી ફરીશ.''

પાછળથી જાણવા મળ્યું કે નાસભાગ દરમિયાન એક નિ:સંતાન દંપતી તેને ઈજાગ્રસ્ત હાલતમાં બીજા શહેરમાં લઈ ગયું હતું. તેમણે અલતી પરિવારને શોધવાનો ખૂબ પ્રયાસ કર્યો, પરંતુ તે સમયે સાધનો ઓછા હતા. ધીમે ધીમે બાળકી મોટી થઈ, નવી જિંદગીમાં ભળી ગઈ, પરંતુ તેના મનમાં દર સોમવારે મંદિરે જવાનું એક અજીબ આકર્ષણ હંમેશા બની રહ્યું.

થોડા મહિનાઓ સુધી પિતા અને પુત્રીએ દરેક અધૂરી ક્ષણને પૂરી કરી. આરતી પોતાના બાબા સાથે દર સોમવારે મંદિરે આવવા લાગી. પરંતુ ઉંમર પોતાની અસર દેખાડી ચૂકી હતી. એક સવારે વૃદ્ધ હંમેશા માટે આ દુનિયા છોડી ગયા. અંતિમ સંસ્કાર પછી આરતીને તેમના રુમમાં લાકડાની એક જૂની પેટી રાખેલી હતી. સૌથી ઉપર એક ચિઠ્ઠી હતી. તેમાં લખ્યું હતું ''જો આ ચિઠ્ઠી તું વાંચી રહી છે.. તો સમજી ગયો કે ભગવાને મારી પ્રતીક્ષા પૂરી કરી દીધી. દીકરી, મેં દર સોમવારે દીવો એટલા માટે નહોતો પ્રગટાવ્યો કે ભગવાન મારી ઈચ્છા પૂરી કરે. મેં દીવો એટલા માટે પ્રગટાવ્યો હતો કે જેથી જો તું પાછી ફરે તો અંધારામાં તને તારા બાબાનો રસ્તો દેખાઈ શકે. યાદ રાખજે... સંબંધો અવાજથી નહીં, વિશ્વાસના પ્રકાશથી જીવંત રહે છે.. જો ક્યારેય કોઈ પોતાનાની રાહ જોવી પડે, તો આશાનો દીવો ક્યારેય બુઝાવા ન દેતી.''

આરતીએ તે બધી જૂની વાટોને વહેતા પાણીમાં પધરાવી નહીં. તેણે મંદિરના પ્રાંગણમાં કાચની એક સુંદર સ્મૃતિ-ફ્રેમ બનાવડાવી. તે ફ્રેમમાં પહેલી સળગેલી વાટ અને છેલ્લી સળેગેલી વાટ સાથે રાખવામાં આવી. નીચે માત્ર એક પંક્તિ લખેલી હતી.

''કેટલાક દીવા ભગવાન માટે નથી પ્રગટતા... કેટલાક દીવા કોઈ પોતાના પાછા ફરવાની આશાને જીવંત રાખવા માટે પ્રગટાવાવામાં આવે છે.''

આજે પણ તે મંદિરમાં આવરનાર દરેક માણસ તે ફ્રેમ સામે થોડી ક્ષણો માટે ચોક્કસ થંભી જાય છે. કોઈ હાથ જોડે છે, કોઈ ચૂપચાપ મલકાય છે અને ઘણા લોકોની આંખો કારણ વગર જ ભીની થઈ જાય છે. કારણકે તેમને પહેલીવાર સમજાય છે કે દુનિયામાં સૌથી તેજસ્વી પ્રકાશ તેલથી નહીં, પ્રતિક્ષાથી પ્રગટે છે!

❖❖❖

જીવનને સફળ બનાવનારા બે મહાન તત્વો છે. આનંદ અને આંસુ. સુકૃતનો આનંદ અને દુષ્કૃતના આંસુ, જીવનને સફળ બનાવ્યા વગર નહીં રહે.

એક કદમ - લૌકિક દુનિયાથી અલૌકિક દુનિયા તરફ

પૂ. શ્રી ધીરજમુનિ મ.સા.

(ગતાંકથી ચાલુ)

શિષ્ય કહે છે : ''જી, ગુરુદેવ !''

આગંતુક એ શિષ્ય આશ્રમમાં વાળવાનું - કચરો કાઢવાનું શરૂ કરે છે, અને રોજ સવારે ગુરુદેવના ચરણોમાં પહોંચીને હાથ જોડીને ઊભો રહે છે. ગુરુ દ્વારા રોજ એક જ આજ્ઞા થાય છે - 'કચરો કાઢવા લાગ.'

એ શિષ્ય આ નિત્યક્રમ પ્રમાણે કરતાં ૧૨ વર્ષ સુધી આશ્રમમાં કચરો કાઢવાનું કામ કર્યા કર્યું. એક દિવસ સવારે ગુરુ પાસે હાથ જોડીને ઊભો છે, ગુરુદેવ કહે છે : ''જા ! તું પામી ગયો !'' ગુરુની કૃપા વરસી, શક્તિપાત થયો અને એ શિષ્યને આત્માનુભૂતિ થઈ ગઈ.

એ જ વાત અહીં કબીરજીના દોહામાં કહી છે, જો તે માયા એટલે કે ક્રોધ - માન - માયા - લોભને માર્યા નથી, ખતમ કર્યા નથી, મનને વશ કર્યું નથી, તો અનેક-અનેક વાર મરણ કરતાં અનેક-અનેક શરીર છોડ્યા છે, તારી આશા - તૃષ્ણા નાશ પામી નથી તો તું નિજાનંદને કેવી રીતે પામીશ ?

● નિજાનંદને પામવાની આ પહેલી શરત છે કચરો કાઢવાની. જેમ શિષ્ય મનના વિકલ્પને છોડી માત્ર ગુર્વાજ્ઞાને જ સ્વીકારે છે ત્યારે તેના ધીમે-ધીમે કરતાં દોષ - દુર્ગુણના કચરા નીકળવા લાગ્યા અને અનુભવરસ જે શેરડીના રસથી પણ અનેકગણો મધુર છે તે પામી ગયો.

(૨) નિદ્રા કાઢો (ત્યાગો) :

मोह निंद से अखियाँ खोल जरा, और प्रभु में लगा ध्यान।
यह प्रीत करन की रीत नहीं, रब जागत हे तुं सोवत हे।।

ઘણા જાગતા હોવા છતાં સૂતા છે, આંખ ખૂલી છે અને અંતર બંધ છે. તેઓની એ મોહનિદ્રા છે. જે સત્ - અસત્નો ભેદ કરાવી શકતી નથી. જે મોહનિદ્રાથી જાગે છે તેને પ્રભુમિલનની ઝંખના જાગે છે. મનમંદિર બનીને પ્રભુને પધરાવે છે. હવે હું જાગી ગયો છું. ભીતરથી ભીનો-ભીનો થઈ ગયો છું. પૂર્ણપણે મારા આત્માના પ્રત્યેક પ્રદેશ જાણે પુષ્પ પાંખડીની જેમ ખીલી રહ્યા છે. આવું બને ક્યારે જ્યારે પ્રભુ અવાજ કરીને કહે : ''વત્સ ! આવી જા, આ અલૌકિક દુનિયામાં હવે તું જાગી જા.'' એ સાધક પ્રભુના પગલે - પ્રભુની આંગળીએ ચાલવા માંડે.

મારી પ્રભુ પ્રીત સાચી ક્યારે ? જ્યારે પ્રભુ સતત પ્રેરણા પાઠવી રહ્યા હોય, ત્યારે નિદ્રા છોડવી પડશે. પ્રભુ ચેતના જાગેલી ચેતના છે, સાધક સુપ્ત ચેતનામાં છે, એવું કેમ ચાલે ? સુપ્ત ચેતના જાગૃત બને ત્યારે જ જાગૃત ચેતનામાં ભળી શકે !

એક બંગાળીબાબુ રાજેન્દ્રમોશાય જેને તેની માતા પ્યારથી રાજાબાબુ કહીને બોલાવતી. એક દિવસ આ રાજાબાબુ Morning walkમાં નીકળ્યા હતા. એક ઘર પાસેથી પસાર થઈ રહ્યા હતા, ત્યાં ઘરની બારીમાંથી કોઈ માના સ્નેહભીના સ્વરો તેના કાનમાં પડ્યા.

મા તેના બાળકને કહી રહી હતી. 'રાજબાબુ ઊઠો ! અબ ભોર હુઈ.'

રાજાબાબુએ આ સાંભળ્યું, વિચારમાં ચડી ગયા ? સવાર થઈ ગઈ છે હું ઊઠી ગયો છું ? શરીર જાગ્યું છે, આત્મા જાગ્યો છે ? હલચલ મચી ગઈ અંતરઘટમાં અને રાજાબાબુ જીવનના ઉત્તરાર્ધને સફળ કરવાના પ્રયત્નમાં લાગી ગયા.

કેટલી સવાર ઊગી ગઈ આ જિંદગીમાં ?

'જાગ્યા નહિ અંતર ઘટ વિશે, નિશી જાગવાથી શું થયું ?'

અંતરજાગરણ આવે ત્યારે સાચી સવાર થાય.

● નિજાનંદને પામવાની બીજી શરત નિંદરને કાઢવાની જ્યારે પથારી અને પથારાના સંકેલા થશે ત્યારે ભાવનિદ્રા જશે. આતમને નિશદિન અજવાળા, અજવાળા અને અજવાળા....

(૩) પરને કાઢો : એક વાક પરમાત્મ મિલન થઈ જાય એટલે ભીતરની ભોમકામાં અસ્તિત્વને ઓગાળી દઈએ પછી આપણું શુદ્ધત્વ, બુદ્ધત્વ, શિવત્વ સહજ પ્રગટ થઈ જશે.

તેના માટે સદ્ધર્મ, સદ્ગુરુ અને પરમાત્માનું આલંબન લેવું પડશે, અને તેમના આલંબને શરીર જે પર છે, ઇન્દ્રિય જે પર છે, મન જે પર છે, તર્કબુદ્ધિ જે પર છે, તેના આટાપાટા મૂકી શૂન્ય થતાં જઈએ. જ્યાં શૂન્ય થઈ ગયા ત્યાં હવે એક જ અસ્તિત્વમાં રહેશે તે નિજનો આત્મા. જે આત્મા આનંદમહેલમાં મોજ કરતો હશે.

કોઈ એક ગામમાં એક ભાઈને આનંદમહેલ જવું હતું. તે ગામથી અજાણ્યા હતા, તેણે એક ભાઈને રસ્તો પૂછ્યો, આનંદમહેલ કઈ તરફથી જવાય ? *(અનુસંધાન પાના નં. ૨૨ ઉપર)*

ઝાલાવાડી સભા ચૅરિટેબલ ફાઉન્ડેશન તિથલ સેનેટોરિયમ માટે	
શ્રીમતી આરતીબેન અભયભાઈ દાદભાવાળા	રૂા. ૧,૦૦,૦૦,૦૦૦/-
શ્રી કિરીટભાઈ વ્રજલાલ શેઠ - અંધેરી	રૂા. ૧૧,૦૦,૦૦૦/-

ઝાલાવાડી સભા ચૅરિટેબલ ફાઉન્ડેશન પંચગીની ટર્ફ માટે	
શ્રીમતી પુષ્પાબેન ભાઈલાલભાઈ ગંભીરચંદ શાહ	રૂા. ૧૧,૦૦,૦૦૦/-

ઝાલાવાડી સભા ચૅરિટેબલ ફાઉન્ડેશન સ્વધર્મી સહાય ફંડ	
શ્રી કિરીટભાઈ વ્રજલાલ શેઠ - અંધેરી	રૂા. ૫,૦૦,૦૦૦/-

ઝાલાવાડી સભા ચૅરિટેબલ ફાઉન્ડેશન પારીતોષિક /શૈક્ષણિક ફંડ	
શ્રી કિરીટભાઈ વ્રજલાલ શેઠ - અંધેરી	રૂા. ૧,૨૫,૦૦૦/-
શ્રી મહેશભાઈ પોપટલાલ વોરા-મુંબઈ	રૂા. ૫૧,૦૦૦/-

(અનુસંધાન પાના નં. ૨૧ થી)

પેલા ભાઈએ કહ્યું : ''સીધા જઈને સ્હેજ ડાબી બાજુ જોશો તો ત્યાં ભૂલકા ભવન છે, ત્યાંથી સીધું જ આનંદમહેલમાં જવાશે.''

આનંદમહેલનો દ્રવ્યરસ્તો ભૂલકાભવનથી નીકળે છે, તો આત્માનંદ મહેલનો રસ્તો પણ ભૂલકા બનવાથી મળે છે.

સહજ જ નિર્દોષતા, નિખાલસતા, નિશ્ચિંતતા, નિર્દભતા બાળકોમાં હોય છે. જ્યારે આત્મા આવી વિભાવ પર્યાય - પરભાવને ત્યાગે ત્યારે તેને આનંદમહેલ - ભીતરીય સાગર ઉછળતો અનુભવાશે.

જ્યારે Identy ને દૂર કરવામાં આવે છે ત્યારે સ્વભાવ તરફ ગમન થાય છે. હું આત્મા છું એમાંથી 'હું' ને પણ કાઢવાનો છે, હું એટલે કાંઈક ઓળખ હજી ઊભી રાખી છે, આ ઓળખથી શરીરથી ભિન્ન આત્માને શરીરથી ભિન્ન છે એવું કહીને શરીરના અસ્તિત્વને હજુ ઊભું રાખ્યું છે, તો 'છું' એટલે હજુએ અસ્તિત્વ વિલીન થયું નથી, તેવું દર્શાવે છે.

આ 'હું' અને 'છું' દૂર થશે ત્યારે એક માત્ર 'આત્મા' જ રહેશે. આ આત્મામાં ખોવાઈ જવું એ જ સ્વભાવ, એ જ આત્મધર્મ, એ જ ધર્મનો ઉદ્દેશ્ય, એ જ લક્ષ્ય, એ જ ગતિ....

ચાલો અનુભવરસમાં નિમગ્ન થઈએ...
ચાલો આત્માનંદની છોળોમાં ભળી જઈએ...
ચાલો અસ્તિત્વના ઉજાસને અનુભવીએ...

આનંદનો અમૃત પ્યાલો

મેરા સત્ ચિત્ત આનંદરૂપ કોઈ-કોઈ જાને રે...
મેં હું અખંડ સ્વરૂપ કોઈ-કોઈ જાને રે...
સર્વ જગતસે મેં હું ન્યારા, સિદ્ધ જૈસા સ્વરૂપ હમારા
મેં હું શુદ્ધ સ્વરૂપ, કોઈ-કોઈ જાને રે...
જ્ઞાન-દર્શન રૂપ હૈ મેરા, આત્મ રમણકા સ્વભાવ હમારા
મેં હું પૂર્ણ સ્વરૂપ, કોઈ-કોઈ જાને રે...
મેરા મૃત્યુ કભી નહિ હોતા, છેદન-ભેદન કભી નહિ હોતા
મેરા અજર-અમર સ્વરૂપ, કોઈ કોઈ જાને રે...
ઐસા ચિંતન નિત્ય હી કરના, આત્મસ્વરૂપ કી ખોજ કરના
તો પ્રગટે જ્ઞાન કી જ્યોત, કોઈ-કોઈ જાને રે...

તપશ્ચર્યા નિર્વિઘ્ન પૂર્ણ કર્યા બદલ હાર્દિક અભિનંદન

વર્ષીતપ



મિતલ એન શાહ
મુલુંડ (વેસ્ટ)

૪૧ ઉપવાસ



હિના જે શાહ
બોરીવલી (વેસ્ટ)

૩૬ ઉપવાસ



હિના કે શાહ
મલાડ (ઈસ્ટ)

સિધ્ધીતપ ૪૩



સ્મિતા બી બોરડિયા
મલાડ

સિધ્ધીતપ



અરવિંદ એન શાહ
ભાયંદર (વેસ્ટ)

સિધ્ધીતપ આયંબિલ



નીતા જે સંઘવી
સાયન

સિધ્ધીતપ



ચંદ્રિકા એ શાહ
ભાયંદર (વેસ્ટ)

સિધ્ધીતપ



હેતલ વી શાહ
